# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




રાષ્ટ્રીય બેઠકે હેટ્રીકનાં ગીત ગવાઇ ગયાં,
તાળીઓને માલ્યા રોપણથી તો એ ટેવાઇ ગયા!
હવાઇ ગ્યો વિરોધ, સમાન સ્તરના નેતાઓનો -
રાષ્ટ્રીય બેઠકમાં, નવાઇ સાથે, છવાઇ ગયા..
(ભાવિ વડાપ્રધાન નિશ્ચિત!)




ડૂબે પોલીસ!
જાલે ન હાથ, 'કોઇ'
મદદરિયે..

વડા થવા દો!
'પછી બચાવી લેશું -'
સ્વાર્થની સીડી

(એન્કાઉન્ટર કેસોમાં પોલીસના હાલ-શ્રી સિંગલનું રાજીનામું)

## ચિંતન

**બુધાગ્રે ન ગુણાન્બ્રૂયાત્સાધુ વેત્તિયતઃ સ્વયમ્ ।**
**મૂર્ખાગ્રે અપિ ચન બ્રૂયાદ્ બુધ પ્રોક્તં ન વેત્તિ સઃ ॥**

'ડાહ્યા-બુધ્ધિમાન-સમજુ માણસ પાસે જ્ઞાની-પંડિત માણસે પોતાના ગુણ બોલવા નહીં, કારણ કે એવા ડાહ્યા માણસો નિરીક્ષણ અને પોતાની સમજથી જ સામેની વ્યક્તિના ગુણો-સદ્‌ગુણોને જાણી જ જાય છે, એટલે કહેવાની જરૂર જ નથી.

વળી, મૂર્ખાઓ પાસે પણ પોતાના ગુણો બોલવા નહીં, કારણ કે ડાહ્યા માણસો કહેવું સાંભળતો કે સમજતો પણ નથી.

જે સદ્‌ગુણી-સજ્જન વ્યક્તિ છે તે સેવા કે પરોપકારના કાર્યો, પોતાની નિષ્ઠાપૂર્વકની ફરજ કે કર્તવ્ય, પછી તે ધંધા-રોજગાર લક્ષી હોય કે કૌટુંબિક ફરજ લક્ષી કે દેશનાં નાગરિક તરીકેની હોય, એ ફરજ બજાવવાની જ હોય એમાં કોઇ ઉપકાર નથી, રાષ્ટ્ર-પરિવાર પ્રત્યેની ફરજ છે એનાં ઢોલ-પ્રચારના ગીત ગાવાની જરૂર નથી. તમે સારી રીતે પોતાની ફરજ બજાવતા હો તો ઘર-પરિવાર કે ઉપરી-અધિકારી એની નોંધ આપમેળે લેશે જ.

સમજુ માણસ બોલ્યા વિના સારા-નરસાંની પરખ કરી લે છે. એવી વ્યક્તિ પાસે પોતે શું કરે છે એ કહેવાની જરૂર રહેતી નથી.

જે મૂર્ખ છે જેની પાસે વિવેકપૂર્ણ સમજ નથી એને કોણ સારૂં-ખરાબ એ નક્કી કરવાની બુધ્ધિ જ નથી આવી વ્યક્તિને પણ આપણા ગુણો-કાર્યોની કથા કહેવાનો કોઇ

## સુવિચાર

- ધર્મનું મુખ્ય ધ્યેય મનુષ્યને સુખી કરવાનું છે - **સ્વામી વિવેકાનંદ**
- હાસ્ય, સ્મિત એવી ભાષા છે જેને નાનું બાળક પણ સમજી શકે છે - **માર્ક ટ્વેઇન**
- જે અન્યને માટે જીવે છે એનું જ જીવન સફળ છે - **આઇનસ્ટાઇન**
- જીવન એક રહસ્ય જ છે, જીવી શકાય, જીવી ને જાણી શકાય પણ તે ઉકેલી શકાતું નથી - **ઓશો**
- જીવન રાજનીતિથી અધિક ઊંચું અને મહત્ત્વનું છે - **સુભાષચંદ્ર બોઝ**
- હેતુ-ધ્યેય વિહીન જીવન એ મૃત્યુ જ છે - **ગેટે**
- બધાને લાંબુ જીવવું છે પણ કોઇને 'સાચું' જીવવું નથી - **કોલ્ટન**

## બોધ કથા

આજે નેતાઓ-અધિકારીઓ-વેપારીઓ મોટાં મોટાં કૌભાંડો અને ગપલાં મારે છે એનું કારણ પાયામાં પડેલા અસંસ્કાર અને અમૂલ્યોની તાલીમ જ છે. માતા-પિતાની તાલીમ જ એવી હોય છે કે 'બે નંબર' નું કેમ મળે?!

રશિયાના મહાન નેતા 'લેનિન'ની આ વાત છે : માતા ઉલિયા - પોતાના પુત્રના ઉછેર અને સંસ્કાર માટે ખૂબ જાગૃત હતા. તે લાગણીશીલ અને ન્યાયી બને તેવું ઇચ્છતા હતા. લેનિન વ્યસની અને વિલાસી ન થાય તેની ખાસ તકેદારી રાખતાં.

ઉલિયા જાણતાં હતા. બાળકો પૈસાની છૂટને કારણે વ્યસની - વિલાસી થઇ જાય છે તેથી તે હિસાબ માટે ખૂબ ચોક્કસ રહેતાં. નાનાં-નાનાં, શાકભાજી અને પરચુરણ કામોના ખર્ચ માટે આપેલાં નાણાનો પૈ-પૈ નો હિસાબ કડક રીતે માગતાં.

લેનિનના મોટા ભાઇને 'ઝાર' સામે ષડયંત્ર યોજવા માટે ફાંસી થઇ હતી છતાંય મા'એ દેશ માટે અને દેશના દીનદુનિખાંને જોઇ લેનિનને પણ એ જ માર્ગે જવાની રજા આપી હતી. ત્યારે 'ગુપ્તવાસમાં' જે પૈસા આપતાં એનો પણ પાઇ-પાઇનો હિસાબ લેનિન ને રાખવો પડતો અને આપવો પડતો.

મા' જ્યારે બાળકનાં સંસ્કાર-વિકાસ અને ઉછેર માટે સતત જાગૃત રહે તો જ બાળક નિષ્ઠાવાન, પ્રામાણિક અને દેશદાઝવાળો થાય.

## આનંદીબાઈ જયારે ૧૪ વર્ષનાં હતા ત્યારે એમનું પ્રથમ સંતાન માત્ર સાત દિવસની વયે અવસાન પામ્યું, સંભવ છે કે આ ઘટનાએ તેમને ડૉકટર અને પ્રસુતાઓ તથા શિશુઓને ઉપયોગી બનવા પ્રેરણા આપી હશે

### હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

તારીખ ૨૬ ફેબ્રુઆરી, ૧૮૮૭ને દિવસે આનંદીબાઇ જોષીનું અવસાન થયું. એ આપણા દેશનાં પ્રથમ મહિલા તબીબ હતા. એ કાળે આપણા દેશમાં તો મહિલાઓને તબીબી અભ્યાસમાં પ્રવેશ નહોતો. આનંદીબાઇ છેક અમેરિકા જઇને તબીબ બન્યા. પરંતુ તબીબ થઇને આ દેશની જનતાની અને ખાસ કરીને સ્ત્રીઓની સેવા કરવાનું એમનું સ્વપ્ન ઊગતાં પહેલાં જ આથમી ગયું! પ્રસ્તુત છે એ અદ્‌ભૂત વીરત્વયુક્ત નારીની વાત.

આનંદીબાઇ એમનું મૂળ નામ નહોતું. મહારાષ્ટ્રમાં એક રિવાજ હતો કે છોકરી પરણે તે પછી સાસરીયાં એનું નામ બદલી નાખતાં. બિચારી સ્ત્રીએ પોતાના માબાપ અને ભાઇભાડું સાથેનો સંબંધ જ નહીં, એમણે આપેલા નામ સાથેનો સંબંધ પણ થોડી નાખવાંનો! મુંબઇ પાસેનાં કલ્યાણ ખાતે ૩૧મી માર્ચ, ૧૮૬૫ને દિવસે જન્મેલી એ છોકરીનું મૂળ નામ તો યમુના હતુ. વળી, એ યુગની જ એક અને બાળલગ્નપ્રથા મુજબ, એનાં લગ્ન માત્ર નવ વર્ષની વયે થયાં હતા. પતિ ગોપાલરાવ જોશી એનાથી વયમાં ઘણાં મોટા હતા અને વ્યવસાયે ટપાલખાતાના કારકુન હતા.

જો કે, ગોપાળરાવ એક સાધારણ કારકુન હોવા છતાં એમની સમાજસુધારા માટેની લગની ભલભલા વિદ્વાન સમાજસુધારકો જેટલી હતી. પ્રથમ તો એમણે પત્નીને ભણાવવા માંડી. અલબત્ત, એ ગૃહશિક્ષણ હતું. વળી, એ માત્ર પ્રાથમિક શિક્ષણ હતું. એમ છતાં, જે જમાનામાં એવા વહેમ પ્રચલિત હતા કે છોકરી ભણે તો વંઠી જાય, એની પ્રજા વર્ણસંકર પાસે, ત્યારે આટલું શિક્ષણકાર્ય પણ ગોપાળરાવને પક્ષે મોટી સાહસિકતા માણી લે એવું હતું.

જમાનો પરિવર્તનનો હતો. અંગ્રેજો સાથેનાં સંપર્ક પછી સમગ્ર હિન્દમાં આને ખાસ, કરીને મોટાં બંદરો નજીકના વિસ્તારોમાં સ્ત્રીશિક્ષણ, લગ્નવય સુધારણા, વહેમ નિવારણ જેવા સુધારા શરૂ થયા હતા અને આનંદીબાઇની જેમ તો ઘણી સ્ત્રીઓ પ્રાથમિક ભણતર પામવા લાગી હતી, પરંતુ આનંદીબાઇને અને ગોપાળરાવને, વિશેષ ભણતરની અને એમાંય તબીબી શિક્ષણની લગની લાગી એનું કારણ વ્યક્તિગત હતું. આનંદીબાઇ જયારે ૧૪ વર્ષનાં હતા ત્યારે એમનું પ્રથમ સંતાન માત્ર સાત દિવસની વયે અવસાન પામ્યું. સંભવ છે કે આ ઘટનાએ તેમને ડોકટર અને પ્રસુતાઓ તથા શિશુઓને ઉપયોગી બનવા પ્રેરણા આપી હશે.

સંભવ છે કે અતિઉત્સાહી એવા ગોપાળરાવને વિચાર આવ્યો હશે કે પત્નીને તબીબ બનાવું, કારણ કે એ પછી એક પ્રકારના ઝનૂનથી તેઓ આનંદીબાઇને ડોકટર બનાવવા ઝઝૂમ્યા છે. એમણે પ્રથમ તો આનંદીબાઇને અંગ્રેજી અને ઇતર અદ્યતન વિષયોનાં ભણતર માટે મુંબઇની એક ઇસાઇ શાળામાં દાખલ કર્યાં. એ માટે પોતે મુંબઇ બદલી કરાવી લીધી. પછી ત્યાં બેઠાં બેઠાં એમણે કેટલાક પત્રવ્યવહાર શરૂ કર્યાં. એમનો ખ્યાલ હતો કે તબીબી શિક્ષણ માટે અમેરિકા વધુ યોગ્ય દેશ છે. આથી તેમણે અમેરિકાની યુનિવર્સિટીઓના પ્રોફેસરો સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો. આમાંનાં એક હતા પ્રિન્સટન યુનિવર્સિટીના મિસ્ટર વાઇલ્ડર. વાઇલ્ડરે આ પત્રવ્યવહાર 'અમેરિકન ક્રિશ્ચિયન રિવ્યૂ'માં છપાવ્યો. જે ફિલાડેલ્ફિયાનાં મિસિસ કાર્પેન્ટરના જોવામાં આવ્યો. એમણે પોતાના પતિને વિશ્વાસમાં લઇને આ હિન્દી દંપત્તિને મદદ કરવાનું ઠરાવ્યું. એમણે ગોપાળરાવ સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો. જોકે, મિસિસ કાર્પેન્ટરના વધારે પત્રો તો આનંદીબાઇ માટેનાં જ હતા.

ગોપાળરાવ કોઇ પણ ભોગે આનંદબાઇને ડોકટર બનાવવા ઉત્સુક હતા અને એ પણ બને તેમ જલ્દી. અરે, જો પોતાના ખ્રિસ્તી બનવાથી અમેરિકાનો પત્નીના તબીબી ભણતર માટેનાં નાણાં આપવા તૈયાર હોય તો તેઓ ખ્રિસ્તી બનવા પણ રાજી હતા!

અમેરિકા સંબધી આ પત્રવ્યવહાર ૧૮૮૧ થી ૧૮૮૩ સુધી ચાલ્યો. દરમિયાનમાં ગોપાળરાવ અને આનંદીબાઇ હિન્દનાં વિવિધ શહેરોમાં રહેઠાણ બદલતાં રહ્યાં. એમણે જાતે પણ થોડીક રકમ બચાવી લીધી. અંતે અમેરિકાથી ખબર આવી કે આનંદીબાઇના તબીબી ભણતરની જોગવાઇ થઇ ગઇ છે. પરંતુ બંને જણ અમેરિકા જઇ શકે એટલા નાણાં નહોતાં. આથી એ જમાનામાં અકલ્પનીય ગણાય એવો નિર્ણય ગોપાળરાવે લીધો. આનંદીબાઇને એકલાં મોકલવાનો નિર્ણય! જે વેળા દરિયો ઓળંગનાર નાત બહાર મુકાતા. પરદેશ જનાર વંઠી જ જાય એવું મનાતું. તે જમાનામાં એકલી એક યુવાન સ્ત્રીને પરદેશ મોકલવી તે જૂનવાણી બ્રાહ્મણોને મન તો મહાપાપ હતું. ખૂબ અપમાન થયા. કટાક્ષ થયાં. કાદવ ઉછળ્યા. આનંદીબાઇ અને ગોપાળરાવે એ બધાંનો સામનો કર્યો. કેટલાક સુધારાવાદીઓએ આનંદીબાઇનું સન્માન પણ ગોઠવ્યું. આવા મિશ્ર વાતાવરણ વચ્ચે આનંદીબાઇ ૧૮૮૩ ની ૭મી એપ્રિલે કલકત્તાથી જહાજ દ્વારા અમેરિકા જવા રવાના થયા. ન્યૂયોર્કથી જ મિસિસ કાર્પેન્ટરે એમને સંભાળી લીધાં. એ પછી કાર્પેન્ટર દંપતિ સતત એમની કાળજી રાખતાં રહ્યાં.

આનંદીબાઇને પેન્સિલવેનિયાની વિમેન્સ મેડિકલ કોલેજમાં પ્રવેશ મળ્યો. થોડીક શિષ્યવૃત્તિની જોગવાઇ થઇ. આમ છતાં, એમણે ખૂબ કરકસરથી જીવવું પડ્યું. ઘણીવાર અર્ધભૂખ્યાં ય રહેવું પડ્યું. આ કારણે અને કદાચ અમેરિકાના અલગ હવા પાણીને કારણે અથવા મૂળે શારીરિક બંધારણની કચાશને કારણે, ગમે તેમ હોય, આનંદીબાઇની તબિયત નબળી રહેવા લાગી. એટલું ઓછું હોય તેમ, બહુ થોડા સમયમાં ગોપાળરાવના ચારિત્ર્યનું એક વિચિત્ર પાસું છતું થયું. અન્યથા ખૂબ ઉદાર અને પત્નીના વિકાસ માટે ઉત્સુક ગોપાળરાવે પત્ની પર શંકા-કુશંકાઓ કરવા માંડી! આનંદીબાઇ દર અઠવાડિયે પોતાના જીવન અને ભણતર વિશે વિગતવાર પત્રો ગોપાળરાવને લખતાં, છતાં જોશીજી હવે ગુસ્સાભર્યા પત્રો લખવા લાગ્યા. આનંદીબાઇની ભૂલો કાઢવા લાગ્યા અને નારાજ રહેવા લાગ્યા. પતિની આ નારાજગી બિમાર રહેતાં આનંદીબાઇનું કાળજું કોરવા લાગ્યાં.

આખરે, માર્ચ ૧૮૮૫ માં ગોપાળરાવ પણ અમેરિકા પહોંચ્યા. પરંતુ ત્યાં સુધીમાં આનંદીબાઇને ક્ષય, જેવો મહારોગ લાગુ પડી ચૂક્યો હતો. તાવ અને ખાંસી એમનો કેડો ન મૂકતાં. એમ છતાં, ડોકટર બનવાની અદમ્ય ઝંખનાને કારણે એ સખત પરિશ્રમ કર્યે જતા. અંતે, પોતાની આખરી પરીક્ષા માર્ચ, ૧૮૮૬માં આપી. પોતાના ડોકટરલ થિસિસ તરીકે એમણે 'હિન્દુ આર્યોમાં પ્રસુતિશાસ્ત્ર' વિષય પર લખ્યું હતું. પરીક્ષામાં આનંદીબાઇ પાસ થયાં અને અમેરિકાની કોલેજમાંથી ડોકટર બનનાર અને વાસ્તવમાં હિન્દનાં પ્રથમ સ્ત્રી ડોકટર બનનાર મહિલા તરીકે એમણે ઇતિહાસ સર્જયો. પોતે ખૂબ ખુશ થયાં. પતિ પણ ગર્વ અનુભવી રહ્યાં.

આનંદીબાઇ હજુ અમેરિકામાં ભણતાં હતાં એ દરમિયાન જ કોલ્હાપુર રાજયની આલ્બર્ટ એડવર્ડ હોસ્પિટલના મહિલા વિભાગનાં વડાની જગ્યા લેવા એમને વિનંતી થઇ ચૂકી હતી, અને એ પણ યથાશીઘ્ર હિન્દ આવીને પોતાની કમનસીબ ભગિનીઓની સેવા કરવા આતુર હતા. પરંતુ એમનું એ સ્વપ્ન સાકાર ન થઇ શકયું. ક્ષય રોગ એ જમાનામાં જીવલેણ હતો. એની કોઇ જ અસરકારક દવાઓ હજુ શોધાઇ નહોતી. ઓકટોબર, ૧૮૮૬માં તેઓ હિન્દ પરત આવવા તો નીકળ્યાં, પરંતુ એ લાંબી દરિયાઇ સફરે પણ એમને ઘણાં હચમચાવી નાખ્યાં. એ મુંબઇ પહોચ્યાં ત્યારે ટીકા કરતાં પ્રશંસા જ વધારે મળી ગમે તે ભોગ્યે ડોકટર બનવાની એમની અદમ્ય ઝંખના માટે ઘણાએ એમનાં વખાણ કર્યાં.

જો કે, આનંદીબાઇનિ સિધ્ધિ એટલે સુધી જ સીમિત બની ગઇ. એ હિન્દનાં પ્રથમ ડોકટર બન્યાં ખરાં, પરંતુ ડોકટર તરીકેની કામગીરી બજાવવાની અને હિન્દની અનેક કમનસીબ નારીઓની સેવા કરવાની ઝંખના, મનમાં જ રહી ગઇ. ૨૬મી ફેબ્રુઆરી, ૧૮૮૭ને દિવસે, તો પોતે હજૂ પૂરાં ૨૨ વર્ષનાં પણ નહોતા થયા અને એ પતિને ખોળે અવસાન પામ્યા. કહેવાય છે કે એમનાં અંતિમ શબ્દો આ હતા : "મેં મારાથી બન્યું તે બધું કર્યું છે." આપણે એમની સ્મૃતિને કહીએ કે બહેન, તમે ઘણું કર્યું છે. તમે મહિલાઓ માટે એક રાજમાર્ગ ખોલી આપ્યો છે. આજે તમારો દાખલો લઇને દેશની હજારો લાખો યુવતીઓ તબીબી વ્યવસાય શીખી રહી છે અને એ રીતે સમાજની સેવા કરી રહી છે. આજની દરેક ડોકટર નારી તમારી ઋણી છે, આનંદીબાઇ જોષી!

**સંદર્ભ : ગુજરાત ગાર્ડિયનની વુમન પૂર્તિના આધારે**

## બાળ સાહિત્યમાં વૈવિધ્યસભર, મૌલિક, વિશિષ્ટ શિશુકથાઓ જીજ્ઞાસાપ્રેરક અને આનંદ આપનારી નિવડે તેવી છે

### શબ્દ સમીપે

- નટવર હેડાઉ


બાળકો માટે સર્જાતું સાહિત્ય તે બાળ સાહિત્ય, તેમાં જુદાં જુદા વય જુથને ધ્યાનમાં લઇ બાળવાર્તાઓ લખાતી અને વંચાતી રહી છે. બાળ કાવ્યો ગાતાં બાળકોને જોઇ રોમાંચ થઇ આવે.

આમ જોઇએ તો બાળવાર્તાની શરૂઆત તો પહેલાનાં સમયમાં દાદા-દાદી દ્વારા કહેવાતી વાતો હતી. તેમાં નાના નાના પ્રસંગો, ઘટનાઓ જેમાં કલ્પનાશીલતા, સાહસ, શૌર્ય, અને સંસ્કારપ્રેરક વાતો બાળકોને ગમે તેવી સહજ, સરળ અને સંસ્કાર પ્રેરનારી પ્રસંગ કથાઓ રૂપે કહેવામાં આવતી તે પછી લેખિત સ્વરૂપમાં બાળસાહિત્ય આવ્યું. બાળ સાહિત્યના પુસ્તકો અને સામયિકોમાં બાળવાર્તા, બાળકાવ્યો, જોડકણાં, પિરામીડ, હાસ્ય વિભાગ, વ્યંગતરંગ, કહેવતોની સાથે સાથે ચિત્ર કથાઓ આવવા લાગી. જે બાળકોમાં ખુબ જ પસંદગી પામી. પરંતુ ત્યાર પછી ટેલિવિઝનનો યુગ શરૂ થતાં કાર્ટૂન ફિલ્મો અને બાળફિલ્મોએ બાળકોને આકર્ષ્યા. તેથી વાંચનને બદલે બાળકો પ્રેક્ષક અને શ્રોતા બની ગયા.

બાળકોમાં વાંચનનું પ્રમાણ જાળવવા અને કંઇક નવું આપવાની જે જરૂરિયાત ઊભી થઇ તેમાંથી શિશુ કથા નામે એક નવું જ સ્વરૂપ આવ્યું. તે ફક્ત બાળકો માટે ન હતું પરંતુ બાળકના માતપિતા પણ તે વાંચીને તેમાંથી પ્રસંગ કથા કે શિખામણ કથા બાળકને કહી શકે તે પ્રકારે પણ લેખન થવા લાગ્યું. જેમાં એકાદ પાનાંની નાનકડી સુંદર શિશુ કથા લખાવા લાગી. આવી શિશુ કથાના લેખકોમાં એક આગળ પડતું નામ એટલે નટવર આહલપરા.

'ખિલખિલાટ' નામે શિશુ કથાઓનો પ્રથમ સંગ્રહ આપતાં પોતાના શૈશવકાળમાં ખોવાઇ જતા લેખકે પુસ્તકની શરૂઆતમાં પોતાની શૈશવસૃષ્ટિને યાદ કરી લગભગ આઠ પાના સુધીનો એક મોટો લેખ લખ્યો છે. જેમાં શાળામાં પ્રવેશ મેળવ્યો ત્યારથી લઇ ગ્રામ્ય જીવન સાથે ઓતપ્રોત થયેલ બાળકના બચપણના પ્રસંગો ને ખુબ જ વિસ્તૃત રીતે લેખકે આલેખ્યા છે.

તેમાંથી લેખકના બાળ સંસ્કારોનું ચિત્ર આપણને મળે છે. અને એ વાતનો ખ્યાલ પણ આવે છે કે લેખકે બાળકો માટેની આ શિશુકથાઓ કેમ સર્જી હશે. શિક્ષકોએ કહેલી રસ તરબોળ કરતી વાર્તાઓ, ગીતો, બાળપણના ખટમીઠ્ઠાં સંસ્મરણો, જીવનના સોનેરી કુમળા રવિકિરણો સમા સુરખી ભર્યા શૈશવની યાદ, રંગ રંગની ધજાપતાકાથી રમતા ટીલારામ, ઘરની રેલ્વે સ્ટેશન સુધી સેકામાં (બળદગાડામાં) બેસીને જતાં થતો આનંદ, રિસેસમાં જાંબુડા ખાઇને મિત્રોની સામે જાંબલી રંગની જીભ કાઢીને સૌને ડરાવવાની મજા, આમળીના કાતરા પાડીને ખાતા લેખકનો પ્રકૃતિ પ્રત્યેનો લગાવ, સંવેદનશીલતા, વૃક્ષના ખામણાં સાફ કરી પાંદડા વીણી પાણી પીવાની અને વૃક્ષ નીચે બેસી વાંચવામાં આવતો આનંદ. વર્ષાઋતુમાં ખુતામણી દાવની રમત હોય કે પછી હોળી પર્વ પર આવતાં જતાં લોકો પાસે ગોઠ માંગવાનો પ્રસંગ છાણાં ભેગા કરતાં કે હોળીમાં નારીયેળને આખી રાત આંખે પાટા બાંધી નારીયેળ શેકરવાની રમત, બત્રીસ પુતળીઓનો ખેલ, ઘરમાં પહેલાં સાયકલના ટાયરને હાથમાં લાકડાનો દાંડિયો લઇ ફેરવવાની મજા, મોઇ દાંડિયાની રમત હોય કે પછી, કબ્બડી, ખો... ખો.... લંગડી અને લાઠીદાવ તે ઉપરાંત, મેગ્નિફાઇન ગ્લાસ અને પુઠાંના પ્રોજેક્ટરની વાત વાંચતાં લેખકે માણેલું બાળપણ આપણી સમક્ષ તાદૃશ્ય થાય છે. તેમની એ અનુભવોના નિચોડ સમી શિશુ કથાઓ બાળકો અને વાલીઓને ગમી જાય તેવી છે.




'ખિલખિલાટ'ની શિશુકથાઓને આવકારતાં સ્વ. રાહી ઓધારીયા એ લખ્યું છે કે 'સાંપ્રત સમયમાં સાત વર્ષના બાળકોને અને માત પિતાને વાંચવી સાંભળવી ગમશે. ઉપરાંત માતાપિતા તેમનાં બાળકોને હોંશે હોંશે વાંચી સંભળાવશે. તેવી નાની પણ સરસ છે. તો જાણીતા બાળ સાહિત્યકાર યશવંત મહેતા અને શિશુ કથાઓ સાથે પ્રસંગ કથાઓ અને શિખામણ કથાઓ અંગે લખે છે કે આ પ્રકારનું વાંચન જેમને ખપમાં અને તેમાં કિશોરથી માંડીને પ્રૌઢ વાચકો સુધીએ પહોંચે તો સાર્થક થશે.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

## ભગવાન આગળ ફરિયાદ કરવાનો અધિકાર મેળવવો હોય તો તેની આગળ નિખાલસ થઈ રહેવાનો અભરખો રાખવો પડે

### શ્રુતિ બંધનમ્

- ડો. બ્રિજ

અચ્છે લગે દિલ કો મેરે હરી તેરી બાતે રે...!
સાચા તેરા બનકે ચલું ઇતના હૈ ખ્વાબ રે...!
કાંધે પે સર રખકે તેરે કટ જાયે રાત રે...!
બિતે યે દિને થામે તેરા હાથોં મેં હાથ રે...!
યે કયા હુઆ મુજે મેરા યે દિલ ફિસલ ફિસલ ગયા...!
યે કયા હુઆ મુજે મેરા જહાં બદલ બદલ ગયા...!

સિંઘમની મારપીટ વચ્ચે આ સોંગ કોમળ હૃદયને સ્પર્શ્યા વગર રહેતું નથી. સાથે શ્રેયા ઘોસાલનો શરબતી અવાજ ફોર મુન અને ફાઇવ સ્ટારની ચકાચોંધ રચે છે. ચહેરા ઉપર નવી સુરખીઓ ઉપસી આવે છે. હૃદયમાં ધીમું સંગીત રણઝણાટી ફેલાવી દે છે. થોડી ક્ષણો માટે પણ ખુશીઓની વાદળી ભીંજવી ગઇ હોય તેવો અહેસાસ આ ગીતના શબ્દો દ્વારા જરૂર થાય છે. સ્વાનંદ કરકરેના શબ્દો ખરેખારા સાથની શોધમાં નીકળી પડવા મજબૂર કરે છે...! પડછાયાની જેમ કોઇની સાથે જોડાઇ રહેવાની ઇચ્છા કે તેના જ ખભે માથું મુકીને રાતને પસાર થવા દેવાની ઇચ્છા વ્યક્તિની જિંદગી બદલી દેવા પૂરતી છે. મને બૂમો પાડીને કહેવાનું થાય છે કે આપણને એકમાત્ર હૂંફ જોઇએ છે. સથવારો - સધિયારો અને હૃદયની ધડકનોમાં સંગીત ફૂટે એવી ક્ષણો આપણને ગમે છે. વ્યક્તિ અન્યની દેખાદેખીમાં કેટલું જીવ્યા કરે છે? કે કાયમ મર્યા કરે છે? કેટલો આનંદ એ મેળવે છે? શાંત થઇને આપણી જેમાં શ્રધ્ધા હોય તેને યાદ કરીને બધું કહી દઇએ...! એ શ્રધ્ધાતત્ત્વ જરૂર આપણને સાંભળશે, આપણી સાથે વાત કરે, હસે અને ખભે હાથ મુકીને આપણી મુશ્કેલીઓ દૂર પણ કરી દે...!

કુદરતે પ્રેમ તત્ત્વનું નિર્માણ કરીને તેની હયાતીને સૃષ્ટિના કણે-કણમાં વિખેરી દીધી છે. આવી અનુભૂતિઓમાં જીવવાવાળાની સૃષ્ટિ રંગીન બની જાય તેમાં શી નવાઇ? ઉસકા જહાં બદલ જાય યે સહી હૈ. માણસને શું મેળવવું છે તેની તેને સંપૂર્ણ ખબર છે છતાં એ પામવાની ગતિમાં બેખબર છે. ઇશ્વર ઉપર વિશ્વાસ છે, શ્રધ્ધા છે પણ આ બધું હું ચલાવું છું, મારે જીવનમાં આ કરવું પડશે તે કરવું પડશે તેની પરોજણ પણ એટલીજ છે. જીવવાનો આનંદ નથી જીવવાની મથામણ છે. જીવવામાં કલા નથી કડાકૂટ છે. જીવન આહ્‌લાદક હોવા છતાં પસંદ પડતું નથી. મને ઘણીવાર પ્રશ્નો થયા કરે. દુનિયાના એક પણ પંખીએ પોતાના અસ્તિત્વ માટે અણગમો વ્યક્ત કર્યો હશે? વનસ્પતિની દુનિયામાં કાલિમા છવાઇ હશે કે વૃક્ષોમાં જીવવાનો કકળાટ થયો હશે? સમુદ્રને એકધારી ગતિથી કંટાળો આવ્યો હશે કે સૂરજને રોજ ઉગવું ફાવતું હશે? ખબર નથી પણ એટલી વાત સમજાય કે આ બધું જ એકમેકમાં ભળી ગયું છે. ઓતપ્રોત થઇ ગયું છે. એકબીજાના છાંયડા જેવું - પછડાયા જેવું એકબીજામાં ઓગળી ગયેલું અસ્તિત્વ. કુદરતને કદાચ આવું જ એકમેકમાં સમાઇ ગયેલું અસ્તિત્વ જ ગમે. એટલે જ એ નદીઓને સાગરમાં ભેળવે. અને એ જ સાગરનાં વાદળ બનાવે છે. માટીમાંથી જ ફૂલોમાં રંગો, ભરે છે, અને ધરતીમાંથી જ જીવસૃષ્ટિ કાજે ધાવણ સર્જે છે.

આપણી દુનિયા બદલી નાખવી હોય તો અનહદ પ્રેમ આપવાની તૈયારી કરતાં શીખી જેવું પડશે. આપણું શું ખર્ચાઇ ગયું - ઢોળાઇ ગયું વગેરેની ચિંતા છોડી ખરેખરા સમર્પણના હવાલે થવું પડે. આ સૃષ્ટિમાં કુદરતની અમર લીલાઓમાં શું માંથી શું જાય છે અને કયો આકાર સર્જે છે. કોઇ જાણતું નથી. અને છતાં પણ સૃષ્ટિમાં તો અવનવું - રંગબેરંગી ખુશીઓનું સામ્રાજય આકાર પામતું જ રહે છે...! માણસ તરીકે મારે ખુશીઓ શોધવી જોઇએ. ગીતકાર એટલે જ ખૂબ જ સુંદર વાત કરે છે. તું 'અનર્પેક્ષ થઇ જા' અને જો તને હું કેટલો ભરી દઉં છું. અને વાત પણ સાચી છે. આપણે આપણી મેળે જ્ઞાન - ધન - વૈભવ - મન - સત્તા કેટલું ભેગું કરી શકીએ? આપણી બાથ પણ કેટલી? અને કદાચ અમાપ એષણાઓ થઇ તો જીવતર ખૂબ ટૂંકું હોય તો શું? એટલે ઇશ્વરની મરજીની ખુશીઓ મેળવવા માટે એને પ્રાર્થના જ કરીએ...!

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૪થી માર્ચ

- હિન્દુસ્તાનના વેદ, પુરાણ, ગીતા, સંસ્કૃત સાહિત્યનો સાચો પરિચય મુસ્લિમ જગતને કરાવનારા, ૧૮૦ જેટલાં ગ્રંથો લખનારા મહાન સારસ્વત 'અબુબલ રૈહાન મુહમ્મદ ઇખડ અહમદ - અલબિરૂની' નો જન્મ - ૪ - ૦૯૭૩.
- ૧૭૮૯ અમેરિકામાં બંધારણનો અમલ શરૂ થયો.
- ૧૯૪૫ પ્રથમ એશિયાઇ ઓલિમ્પિક રમત - એશિયાડનું દિલ્હીમાં પ્રારંભ.
- ૧૯૫૧ - આકાશવાણી અમદાવાદ - વડોદરાની સ્થાપના.
- ૧૯૧૬ - વડોદરા પ્રાંતમાં પ્રથમ 'બાળ પુસ્તકાલય'ના મકાનનું વસો ગામે ઉદ્‌ઘાટન.



- ૧૭૦૭ - મોગલ બાદશાહ ઓરંગજેબનું ૮૯ વરસે અહમદનગર (દ.ભારત) માં અવસાન.
- ભૂસ્તરીય સંશોધનો કરી ભૂ-સર્વેષણના પ્રકાશનોમાં મહત્વનો ફાળો આપનાર, 'સંસ્થાની સ્થાપનાદિનને ભૂસ્તર દિવસ તરીકે મનાવવામાં આવે છે.